### આરોગ્ય વિષયક સેવાઓનું ખાનગીકરણ કરતી

# સરકારે લાજી મરવું જોઈએ : જિગ્નેશ મેવાણી

## સિવિલ બચાવો સમિતિ દ્વારા પાલનપુર સિવિલના ખાનગીકરણના વિરોધમાં સભા યોજી આવેદનપત્ર પાઠવાયું

બનાસકાંઠાને મેડિકલ કોલેજ આપવાના ઓથા તળે પાલનપુર સિવિલના ખાનગીકરણ સામેનો વિરોધ વકરતો જાય છે. ત્યારે આજે સિવિલ બચાવો સમિતિના ઉપક્રમે જાહેર સભા યોજી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વડગામના ધારાસભ્ય અને દલિત નેતા જિગ્નેશ મેવાણીએ આરોગ્ય વિષયક સેવાઓનું ખાનગીકરણ કરતી ભાજપની રૂપાણી સરકારે લાજી મરવું જોઈએ તેવો ટોણો મારતા ગરીબો માટે આશીર્વાદરૂપ સરકારી સિવિલ હોસ્પિટલોના ખાનગીકરણના મુદ્દે રાજ્યવ્યાપી આંદોલન છેડવાનું એલાન કર્યું હતું.

### વંદે માતરમ કહેવાનો હક એમને નથી : મેવાણી

વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, તેઓ ડો.આંબેડકર અને શહીદ ભગતસિંહની વિચારધારા ધરાવે છે. આઝાદીની લડાઈમાં જેનું કોઈ યોગદાન નથી તેઓને વંદે માતરમ કે ઈંક્લાબ જિંદાબાદ કહેવાનો કોઈ હક નથી. વંદેમાતરમ કહેવાનો હક તો અમને છે તેવું ભારપૂર્વક તેઓએ જણાવ્યું હતું.

### તંત્ર રાજકીય હાથો ન બને

સિવિલ બચાવો સમિતિની રેલી અને ધરણાંની મંજૂરી છેલ્લી ઘડીએ કેન્સલ કરી સિવિલમાં પોલીસ ખડકી દઈ વિરોધનો અવાજ દબાવવાના તંત્રના પ્રયાસ સામે લગભગ તમામ વક્તાઓએ ફિટકારની લાગણી વરસાવતા જરૂર પડે હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી આપતા જિલ્લા કલેક્ટર સહિત પોલીસ તંત્રને રાજકીય હાથો ન બનવાની ટકોર કરાઈ હતી. જ્યારે જિલ્લા કલેક્ટરની ૩ વખત જિલ્લામાં જ કરાયેલી બદલી સામે પણ સવાલ ઉઠાવી નિયમો ઉપરવટ જઈ એક જ દિવસમાં જમીન ફાળવણીથી લઈ અપાયેલી મંજૂરીઓ સામે પણ સવાલો ઉઠ્યા હતા.

રાજ્યના પૂર્વ આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ બનાસકાંઠાને મેડિકલ કોલેજ આપવાના ઓથા તળે નવાબીકાળની કરોડો રૂપિયાની મિલ્કત ધરાવતી પાલનપુર સિવિલ પડાવી લેવાનો કારસો રચ્યો છે. ત્યારે પાલનપુર સિવિલ ના ખાનગીકરણ સામે વિરોધનો વંટોળ ઉઠ્યો છે. જેના ભાગરૂપે સિવિલ બચાવો સમિતિ દ્વારા પાલનપુરના રામલીલા મેદાન ખાતે જાહેર સભા યોજાઈ હતી. જે સભા ગજવતા દલિત નેતા અને વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આગામી ૧૪મી એપ્રિલએ સામખ્યાળી હાઈવે ચક્કાજામ કરી પાલનપુર સહિત રાજ્યની ૫ સરકારી સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ સામે જન આંદોલન છેડવાની જાહેરાત કરી હતી. મેવાણીએ એક બાજુ વડાપ્રધાન ×મોદી કેર× નામની આરોગ્ય વિષયક યોજનાઓ લાવી રહ્યા છે. ત્યારે બીજી બાજુ વિકાસની ગુલબાંગો પોકારનાર રાજ્યની ભાજપ સરકાર આરોગ્ય વિષયક સેવા આપવામાં પણ ઉણી ઉતરી સરકારી સિવિલ હોસ્પિટલોનું ખાનગીકરણ કરી રહી હોવાનું જણાવ્યું હતું. તેઓએ સરકારી મિલ્કતો પબ્લિક પ્રોપર્ટી હોઈ તેના ખાનગીકરણ સામે ઉગ્ર રોષ ઠાલવતા પાલનપુર નવાબને કે પાલનપુરની પ્રજાને પૂછ્યા વિના પાણીના મોલે સરકારી સંપત્તિ ખાનગી ટ્રસ્ટોને પધરાવવા સામે સવાલ ઉઠાવતા તેઓએ જરૂર પડે હાઈકોર્ટમાં ચાલતી જાહેરહિતની પી.આઈ. એલ.માં પક્ષકાર બનવા સહિત વિધાનસભા ગજવવાની બાંહેધરી આપી હતી. તેઓએ સિવિલ બચાવો સમિતિના કાર્યક્રમોને મંજૂરી આપવામાં કે કાર્યકરોને થતી હેરાનગતિ સામે પોલીસ સહિત પ્રશાસનને આડે હાથે લેતા રાજકીય હાથો ન બનવા ગર્ભિત ચેતવણી આપી હતી.

જયારે જાણીતા આંદોલનકારી ગોપાલ ઈટાલીયાએ પણ વિકાસ થયો હોય તો નવી હોસ્પિટલો બનાવી આરોગ્યલક્ષી સેવાઓ સુદ્રઢ બનાવવાને બદલે સરકારી સિવિલ હોસ્પિટલના ખાનગી કરણ કરી બાપુકી પેઢી બનાવવા સામે સવાલો ઉઠાવતા ખાનગી કરણને પગલે ગરીબ-પછાત લોકો માટે આરોગ્યસેવા મોંઘી બની જશે તેવો દાવો કર્યો હતો. તેઓએ પૂર્વ આરોગ્ય મંત્રી શંકર ચૌધરીને દલા તરવાડી સાથે સરખાવતા પોતાના જ ખાનગી ટ્રસ્તને મેડિકલ કોલેજ ફાળવવાના નિર્ણયની આલોચના કરી હતી.

આ ઉપરાંત પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલએ પણ પાલનપુર સિવિલના ખાનગીકરણ સામે વિરોધ જતાવ્યો હતો. જયારે આમ આદમી પાર્ટીના નેતા ભેમાભાઈ ચૌધરી અને રમેશભાઈ નાભાણી, સર્ફરાજ સિંધી, રવિ સોની, ઝાકિર ચૌહાણ અને સમુબેન ચૌહાણએ પણ મેડિકલ કોલેજ સામે નહીં પરંતુ પાલનપુર



સિવિલના ખાનગીકરણ સામે વિરોધ જતાવી સરકારી મેડિકલ કોલેજની માંગ કરી હતી.

સભા બાદ કલેકટર કચેરીએ જઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ.એચ.આચાર્ય અને સિવિલ સર્જન એમ.એસ.પટ્ટીવાલાને આવેદનપત્ર પાઠવી પાલનપુર સિવિલના ખાનગીકરણ સામે વિરોધ વ્યક્ત કરતા સિવિલનું ખાનગીકરણ અટકાવવાની માંગ કરી હતી.

## ટ્રાફિક પોલીસની કનડગતના વિરોધમાં રીક્ષા ચાલકોની રવિવારે મધ્યરાત્રીથી હડતાલ

મહેસાણા, તા. ૧૧

મહેસાણામાં ટ્રાફિક પોલીસની કનડગતના વિરોધમાં રીક્ષા એસોસીએશને રવિવારે



મધ્યરાત્રીથી હડતાલ પર જવાનો નિર્ણય લઈ લીધો છે. જેને લઈને જિલ્લા કલેક્ટરને લેખિત આવેદન પત્ર પણ આપ્યું છે. બીજીબાજુ જિલ્લા કલેક્ટરને કરાયેલી લેખિત રજૂઆતમાં ટ્રાફિક શાખા દ્વારા ગરીબ રીક્ષાચાલકો પર થતા અત્યાચાર અને રીક્ષા સ્ટેન્ડ પર ઉભેલી ઓટોરીક્ષાને આરટીઓ મેમો આપી સત્તાનો દુરપયોગ કરતા હોવાની રજૂઆત કરી છે. જ્યારે અચોક્કસ હડતાલના પગલે આવતીકાલે શાળામાં જતા બાળકો સહિત મુસાફરોને ભારે તકલીફનો સામનો કરવો પડશે.

મહેસાણામાં ટ્રાફિક પોલીસકર્મીની કનડગતના મુદ્દે આવેદન આપી ઓટોરીક્ષા એસોસિએશને યોગ્ય નિર્ણય નહીં લેવાય તો સોમવારથી અચોક્કસ મુદતની હડતાલ પર જવાનો નિર્ણય લીધો છે. રીક્ષા એસોસિએશનના પૂર્વ પ્રમુખને બે દિવસ પૂર્વે પોલીસ સ્ટેશનમાં લઈ જઈ બે લાફા માર્યા હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. ઓટોરીક્ષા એસોસિએશનના પ્રમુખ ભરતસિંહ સહિતે કલેક્ટર અને ડીએસપીને રીક્ષા ચાલકો પર મેમા આપનાર શહેર ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ મહેશ ચૌધરીની ટ્રાફિક શાખામાંથી બદલી કરવા માંગ કરતુ આવેદનપત્ર આપ્યુ હતુ. પોલીસકર્મી રીક્ષા સ્ટેન્ડ પર પડી હોવા છતાં મેમા ફાડીને પરેશાની કરતો હોવાની સાથોસાથ રીક્ષાઓ ડિટેઈન કરતા હોઈ ચાલકોના પરિવારને બે ટંક જમવુ પણ મુશ્કેલ બન્યું છે તેમ જણાવ્યું હતું. બદલીનો નિર્ણય નહી લેવાય તો સોમવારથી અચોક્કસ મુદત માટે મહેસાણામાં રીક્ષાઓ બંધ કરવા નિર્ણય કર્યો છે. જેમાં મહેસાણાની એક હજાર કરતા વધુ રીક્ષાના પૈડા થંભી જશે અને હાલમાં તો મહેસાણા તાલુકાની જ રીક્ષા બંધ કરાશે. જો યોગ્ય પગલા નહી લેવાય તો જિલ્લાની તમામ રીક્ષા બંધ કરશે અને આ નિર્ણય યોગ્ય નહી આવે ત્યાં સુધી રીક્ષા બંધ રહેવાની ચીમકીના પગલે મુસાફરો સહિત શાળામાં જતા બાળકોના વાલીઓને ભારે તકલીફનો સામનો આવતીકાલથી કરવો પડશે.

## ભિલોડા તાલુકાના ભટેળા ગામમાં પ્રાયમસ ફાટતાં આધેડ દાઝયા

ભિલોડા તાલુકાના ભટેળા ગામમાં અગમ્ય કારણોસર પ્રાયમસ ફાટતાં આધેડ ગંભીર રીતે દાઝયા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ ભટેળા ગામના લલીતભાઈ શાંતીલાલ બરંડાના ઘરે અગમ્ય કારણોસર પ્રાયમસ એકા-એક ફાટતાં લલીતભાઈ બરંડા ઉંમર વર્ષ-૩૮ ગંભીર રીતે તેમના શરીર ઉપર દાઝી જતાં ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.મેડીકલ ઓફીસર ડૉ.રોનક બોડાતએ પ્રાથમીક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## ચંડીસર ગામ પાસે અકસ્માત : પુત્રીનું મોત : પિતાને ઈજા

પાલનપુર તાલુકાના ચંડીસર ગામ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. બાદમાં કાર ડમ્પર જેમાં બાઈક પર



સવાર પિતાને ઈજા થઈ હતી. જયારે પુત્રીનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. ચંડીસર પાસે બાઈક પર સવાર પિતા-પુત્રીને અકસ્માત નડ્યો હતો. કારની ટક્કરે બાઈક પર સવાર દાંતીવાડા તાલુકાના ચોડુંગર ગામના ૫૫ વર્ષીય હેમતાભાઈ ચૌધરી (પટેલ)ને ઈજા થઈ હતી. જયારે તેમની ૪ વર્ષીય પુત્રી ભૂમિબેન હેમતાભાઈ ચૌધરીનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

## બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં ૧૬૦ અને તાલુકા પંચાયતમાં ૭૯૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે

બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં શનિવારે ફોર્મ પરત ખેંચવાના દિવસે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૨૩ જયારે તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૯૫ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા હતા. જેના પગલે હવે જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો માટે ૧૬૦ ઉમેદવારો જયારે ૧૪ તાલુકા પંચાયતની ૩૫૦ બેઠકો માટે ૭૯૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ જાહેર થઈ ત્યારથી જ રાજકીય વાતાવરણ ગરમ બની ગયું છે. ભાજપ- કૉંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગીને લઈ ઉભી થયેલી નારાજગીની સ્થિતિ વચ્ચે શનિવારે ફોર્મ પરત ખેંચવાના દિવસે સમગ્ર ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જવા પામ્યું છે. આ અંગે ચૂંટણી અધિકારી ડી. જે. દરજીએ જણાવ્યું હતું કે, ફોર્મ પરત ખેંચવાના દિવસે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૨૩ જયારે તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૯૫ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા હતા. જેના પગલે હવે જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો માટે ૧૬૦ ઉમેદવારો જયારે ૧૪ તાલુકા પંચાયતની ૩૫૦ બેઠકો માટે ૭૫૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

### જિલ્લા પંચાયતની બેઠકો અને ઉમેદવાર

| તાલુકા | પરત ફોર્મ | ઉમેદવારો |
|---|---|---|
| પાલનપુર | ૦૧ | ૧૮ |
| વડગામ | ૦૦ | ૧૬ |
| લાખણી | ૦૧ | ૦૮ |
| ભાભર | ૦૨ | ૧૧ |
| સુઈગામ | ૦૦ | ૦૪ |
| દિયોદર | ૦૦ | ૦૫ |
| ડીસા | ૦૮ | ૨૩ |
| કાંકરેજ | ૦૧ | ૧૨ |
| દાંતા | ૦૦ | ૧૦ |
| અમીરગઢ | ૦૦ | ૦૬ |
| વાવ | ૦૦ | ૦૯ |
| થરાદ | ૦૫ | ૧૪ |
| દાંતીવાડા | ૦૧ | ૦૭ |
| અમીરગઢ | ૦૪ | ૧૭ |
| **કુલ** | **૨૩** | **૧૬૦** |

### તાલુકા પંચાયતની બેઠકો અને ઉમેદવાર

| તાલુકા | પરત ફોર્મ | ઉમેદવારો |
|---|---|---|
| પાલનપુર | ૦૨ | ૭૨ |
| વડગામ | ૧૨ | ૬૩ |
| લાખણી | ૦૯ | ૪૫ |
| ભાભર | ૦૪ | ૫૦ |
| સુઈગામ | ૦૬ | ૪૨ |
| દિયોદર | ૦૨ | ૩૩ |
| ડીસા | ૧૯ | ૯૧ |
| કાંકરેજ | ૧૪ | ૬૮ |
| દાંતા | ૦૬ | ૫૪ |
| અમીરગઢ | ૦૨ | ૪૧ |
| વાવ | ૦૨ | ૪૯ |
| થરાદ | ૦૯ | ૭૨ |
| દાંતીવાડા | ૦૩ | ૪૬ |
| અમીરગઢ | ૦૫ | ૭૦ |
| **કુલ** | **૯૫** | **૭૯૬** |

## કોંગ્રેસ નાણાં લઈને ટિકિટની વહેંચણી કરે છે : જીતુભાઈ વાઘાણી

પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠા જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શનિવારે પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં જગાણા નજીક આવેલ વિહારધામ ખાતે જીલ્લાના આગેવાનો સાથે બેઠક યોજી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો કઈ રીતે વિજય થાય તે માટે રણનીતિ ઘડવામાં આવી હતી. જેમાં પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ મગફળી અને કોંગ્રેસ દ્વારા નાણાં લઈને ટિકિટ આપવા પર પ્રહાર કર્યા હતા.

બનાસકાંઠા જીલ્લામાં ૧૪ તાલુકા પંચાયત અને ૧ જીલ્લા પંચાયતની ચૂંટણી યોજાવાની છે. જેને લઈને ભાજપ દ્વારા જીત માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતુંકે માત્ર



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નહિ પરંતુ વિધાનસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસ નાણાં લઈને જ ટિકિટ વહેંચણી કરે છે જેથી પ્રજા તેમને જાકારો આપે છે. જયારે મગફળીમાં થયેલા ભ્રષ્ટચારનું પૂછતા તેમને જણાવ્યું હતું કે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ બાબતે કડક વલણ અપનાવી રહ્યા છે અને મગફળીના ટેકા ભાવની ખરીદીમાં જે લોકો પણ હશે તેમના પર કડક કાર્યવાહી કરવામાં આવશે. જો ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ભાજપના નેતાઓ પણ હશે તો તેમની સામે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ભિલોડા તાલુકાના ટોરડા ગામ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૧૦

ભિલોડા તાલુકાના ટોરડા ગામ પાસેથી રૂા.૭૧,૪૦૦/-નો પાસ પરમીટ વગરનો પરપ્રાંતિય વિદેશી દારૂ અને બીયરનો જથ્થો આર.આર.સેલ ધ્વારા ઝડપાયો છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ ટોરડા ગામ પાસેથી પરપ્રાંતિય વિદેશી દારૂ,બીયર બોટલ/ટીન નંગ-૬૮૭ રૂા.૭૧,૪૦૦/-ઝડપાયો છે.પોલીસની ગાડી જોઈ વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમો ફરાર થઈ ગયા હતા.આર.ટી.ઓ.નંબર વગરની મહિન્દ્રા ઝાયલો કારની કિંમત રૂા.૩,૦૦,૦૦૦/-,મોબાઈલ નંગ.૧ કિંમત રૂા.૩૦૦/-કુલ મુદ્દામાલ રૂા.૩,૭૧,૭૦૦/-નો ઝડપાયો છે.

## શામળાજી પોલીસે અણસોલ ગામ નજીક ટ્રકમાં પશુ આહારના કોથળાની આડમાં સંતાડીને લવાતો ૯.૯૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ બુટલેગરોમાં વિદેશીદારૂ ઘુસાડવા માટે મોટા પ્રમાણમાં ઉપયોગ કરી રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી ટ્રક-ટ્રેઈલરમાં પશુ આહાર ભરેલ કોથળાની આડમાં સંતાડીને લવાતો ૯.૯ લાખનો વિદેશી દારૂ ઝડપી ટ્રક ચાલકની ધરપકડ કરી વિદેશીદારૂ ઘૂસાડવાની મદદગારી કરનાર અન્ય ૨ શખ્સોને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



શામળાજી પોલીસે શનિવારે રાત્રીના ૧૧.૨૫ વાગ્યાના સુમારે અણસોલ ગામની સીમમાંથી પસાર થતા ટ્રક-ટ્રેઈલર (ગાડી.નં.બીપી-૦૫એલ.૭૯૬૬) શંકાસ્પદ જણાતા અટકાવી તલાશી હાથ ધરાતા ટ્રક-ટ્રેઈલરમાં ભરેલ પશુ આહાર ભરેલા કોથળા હટાવતા જ તેની આડમાં સંતાડેલો ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૬૫ જેમાં કુલ બોટલ નંગ-૧૯૮૦ કિં. રૂ. ૯૯૦૦૦૦ જથ્થો જપ્ત કરી ટ્રક ડ્રાઈવર ગુર્બક્સસીંગ ટેગસિંગ જાટ (રહે. અમરગઢ પંજાબ)ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ટ્રકની કિંમત રૂપિયા ૧૦ લાખ અને મોબાઈલ નંગ-૧ કિં. રૂ. ૧૦૦૦ મળી કુલ રૂ.૧૯૯૧૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વિદેશી દારૂ ઘુસાડવામાં મદદગારી કરનાર બલકારસીંગ સંતોષસિંગ જાટ (રહે. મલ્લોવાળા પંજાબ) અને હરકેશ રહે. રોહતક હરિયાણા નામના બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને ફરાર બુટલેગરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

## હિંમતનગરના રાયગઢના વૈજનાથદાદાના પટાંગણમાં શિવરાત્રી નિમિત્તે પંદર હજાર શ્રીફળનું ૨૫ ફૂટ ઊંચુ મહાશિવલીંગ બનાવાશે

### અગાઉના વર્ષોમાં 3 લાખ રૂદ્રાક્ષ અને ૧૦૦ કિલો ઘી નું શિવલીંગ બનાવ્યું હતું

મોડાસા, તા. ૧૧

હિંમતનગરના રાયગઢમાં સ્વયંભુ વૈજનાથદાદાનું પ્રાચીન મંદિર આવેલુ છે. દર શિવરાત્રીએ વૈજનાથદાદા પટાંગણમાં વિવિધ પ્રકારના શિવલીંગ બનાવામાં આવે છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આ પ્રાચીન મંદિરનું ખુંબ જ મહત્વ રહેલું છે. ચાલુ વર્ષે શિવરાત્રી નિમિત્તે પંદર હજાર શ્રીફળનો ઉપયોગ કરી ૨૫ ફૂટ ઊંચુ શિવલીંગ બનાવવામાં આવશે. જે ભારતભરમાં સૌથી ઊંચુ શિવલીંગ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ૨૫ ફૂટ ઊંચા શિવલીંગમાં અંદાજે ૬૦૦ કિલો જેટલુ લોખંડ વાપરવામાં આવશે. હાલ રાયગઢ ગામના યુવામિત્રો અને ભક્તો દ્વારા શિવલીંગ બનાવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. શિવરાત્રીના દિને



ભક્તો માટે શિવલીંગને દર્શન માટે ખુલ્લુ મુકવામાં આવશે. ભારતભરમાં સૌથી પ્રથમવાર સૌથી ઊંચુ શ્રીફળનું મહાશિવલીંગ બનાવામાં આવશે. રાયગઢના પ્રાચીન મંદિરમાં અગાઉના વર્ષોમાં ૩ લાખ રૂદ્રાક્ષ તેમજ ૧૦૦ કિલો ઘી નું શિવલીંગ બનાવામાં આવ્યું હતું.

### તામિલનાડુથી શ્રીફળ મંગાવામાં આવ્યા

શિવરાત્રી નિમિત્તે ભારતનું સૌથી ઊંચુ શિવલીંગ બનાવા માટે તામિલનાડુથી શ્રીફળ મંગાવવામાં આવ્યા હતા. શ્રીફળનો તમામ ખર્ચ ગ્રામજનો, ભક્તો અને ગામની યુવા ટીમ દ્વારા પુરો પાડવામાં આવ્યો હતો.